
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-2 * Issue-12
OCTOBER-2002
આસો
ઓક્ટોબર-૨૦૦૨
આત્મ સંવત : ૧૦૬
વીર સંવત : ૨૫૨૮
વિક્રમ સંવત : ૨૦૫૮
પુસ્તક : ૯૯

कल्याणसम्पदां पन्था इन्द्रियाणां सुवर्तनम् ।
दुर्वर्तनं पुनस्तेषामापदामेकमास्पदम् ।।

*

ઇન્દ્રિયોનું સદ્વર્તન એ કલ્યાણસમ્પત્તિનો માર્ગ છે, જ્યારે એમના દુર્વર્તનના પરિણામે માણસ અનેક દુઃખોથી ઘેરાય છે. ૮.

*

The good activities of sences are the source of happiness or welfare, while the bad ones cause reverse results. 8.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪ : ગાથા-૮, પૃષ્ઠ-૫૨)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી મહાવીરસ્વામી સ્તવન | ભાનુમતી ન. શાહ, ભાવનગર | ૧ |
| (૨) | દિવાળી કલ્પ | આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. | ૨ |
| (૩) | બેસતુ વર્ષ : શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાન દિન | રજુઆત : દિવ્યકાંત સલોત | ૪ |
| (૪) | અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૪) | કાંતિલાલ દીપચંદ શાહ | ૬ |
| (૫) | ત્રિભુવન તારક તીર્થાધિરાજ શ્રુતલેખન કેન્દ્ર | | ૧૦ |
| (૬) | માણસ પોતાની ઊણપોને છુપાવવા બીજાના રાઈ જેવડા દોષોને પર્વત જેવા બનાવે છે | મહેન્દ્રભાઈ પુનાતર | ૧૩ |
| (૭) | નાગકેતુની કથા | પ્રાકૃતવિજ્ઞાન કથાઓમાંથી | ૧૬ |
| (૮) | કામ-ક્રોધાદિ રોકવા એક નક્કર ઉપાય | આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. | ૧૮ |
| (૯) | શ્રી જૈન તાલધ્વજ જૈન તીર્થક્ષેત્ર..... | જયપ્રકાશ દોશી—બી કે. રાવળ | ૨૧ |
| (૧૦) | ૧૪ જેટલા આચાર્યોનું ઈતિહાસ સર્જક ચાતુર્માસ | | ૨૩ |


### ✻ અનુકૂળ પુરુષાર્થ ✻

આપણે જિનમંદિરમાં કે ઉપાશ્રયમાં જઈએ. દેવદર્શન, પૂજા, સામાયિક કે પ્રતિક્રમણ કરીએ. આયંબિલ કે ઉપવાસાદિ તપશ્ચર્યા કરીએ. પરંતુ એ કરવા માત્રથી અનુકૂળ જ પુરુષાર્થ છે એવું માની લેવાની જરૂર નથી, એ તો વ્યવહાર છે. યદ્યપિ વ્યવહારની પણ ઘણી જરૂર છે. પરંતુ એ ધર્મકરણી કરવા પાછળ અનાદિના રાગદ્વેષને ઘટાડવા સાથે શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાનું લક્ષ્ય રાખવું, અવસરે અવસરે આત્મા કેટલો નિર્મળ બન્યો છે ? અને પોતાના દૂષણો કેટલાં ઘટ્યા છે ? તેનું સરવૈયું કાઢવું તેનું નામ અનુકૂળ પુરુષાર્થ કહેવાય.

આવો અનુકૂળ પુરુષાર્થ જે જે આત્માએ આદર્યો તે તે આત્માઓ સંસાર-સાગરને તરી ગયા અને અનુકૂળ પુરુષાર્થના સ્થાને પ્રતિકૂળ પુરુષાર્થમાં જેણે ઝુકાવ્યું તેઓ આપણી માફક સંસાર અટવીમાં રખડતા રહ્યા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

વાર્ષિક લવાજમ પ્રથા બંધ છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ

(૩) જશવંતરાય સી. ગાંધી—ઉપપ્રમુખ

(૪) મનહરલાલ કે. મહેતા—મંત્રી

(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—મંત્રી

(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી

(૭) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# શ્રી મહાવીર સ્વામી સ્તવન

છેલ્લો બોધ આપી સૌ કર્મો કાપી,
વીર મારા ગયા મોક્ષ ગતિ મોઝાર;
અઢાર દેશના રાજાઓ આવે,
પૌષધ કરીને ભાવના ભાવે;
સુલે શાસન જ્ઞાન તજીને અભિમાન,
વીર મારા ગયા મોક્ષ ગતિ મોઝાર.

વિલાપ કરે છે ગૌતમ સ્વામી,
મારા ગયા અંતર્યામી;
મને મૂકી ગયા, મને મેલી ગયા,
વીર મારા ગયા મોક્ષ ગતિ મોઝાર.

ચોસઠ ઈંદ્રો આવીને નમે છે;
મહા ઉત્સવને ઉજવે છે.
ગુણ વીરના ગવાય, ગુણ મહાવીરના ગવાય,
વીર મારા ગયા મોક્ષ ગતિ મોઝાર.

આસો માસની પર્વ દિવાળી;
કેવી દીસે છે રાત રળિયામણી,
વીર પામ્યા નિર્વાણ, નામે શ્રી વર્ધમાન,
વીર મારા ગયા મોક્ષ ગતિ મોઝાર.

વિનય વિજય ગુણ ગાય, ભવો ભવના દુઃખ જાય,
વીર મારા ગયા મોક્ષ ગતિ મોઝાર.

*રજૂકર્તા : ભાનુમતિ ન. શાહ,*
*ભાવનગર*

## વ્યસની બનવા પૂર્વે સો વાર વિચારજો !

ઓસ્ટ્રેલીયાની એક ૨૯ વર્ષીય યુવતી. એણીને સીગરેટ પીવાની ભયંકર લત. આનાથી છૂટવા એણીએ શરીર પર નીકોટીનની પટ્ટી લગાડવાનું શરૂ કર્યું. સીગરેટની લત તો છૂટી ગઈ પણ નીકોટીનની પટ્ટી લગાડવાની લતે તેણીને જકડી લીધી. હા! પહેલા માણસ વ્યસનને પકડે છે, પછીથી વ્યસન માણસને પકડી લે છે. પહેલા માણસ દારૂ પીવે છે, પછી દારૂ માણસને પીય જાય છે. વ્યસનથી દૂર જ રહેવું સારૂં. વળગી ગયેલા વ્યસનને સાત્ત્વિક ઉપાયો અજમાવવા જ ઉચિત છે.

*—પં. ગુણસુંદર વિજયજી ગણિ.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દિવાળી કલ્પ

*—આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.*

ભગવાન મહાવીરની અંતિમ દેશના ૨૫૨૮ વર્ષ પૂર્વે આજના દિવસે થઈ હતી. થોડા સમય પછી પોતે મોક્ષ પધારવાના છે, એમ જાણી પ્રભુએ ઉપદેશનો ધોધ વહેવડાવ્યો. ૧૬ પ્રહર સુધી પ્રભુએ અખંડ દેશના દીધી. તે સમયે તેણે ઉત્તરાધ્યયનના ૩૬ અધ્યયનો પ્રરૂપ્યા.

સંસાર ગમે તેટલો સુંદર હોય પણ અંતે તે દુ:ખદાયી જ હોય છે.

મોક્ષ ગમે તેટલા દુ:ખથી મળતો હોય, તો પણ અંતમાં સુખ જ છે. મોક્ષ પુરુષાર્થ તે મુખ્ય પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારમાં પ્રાધાન્યતા મોક્ષની છે. ધર્મ એ અર્થ અને કામનો ત્યાગ કરાવે છે.

સંસાર માટે અર્થ અને કામ છે. અને આત્માની મુક્તિ માટે ધર્મ અને મોક્ષ છે. સંસારમાં માનવનું ધ્યેય મોક્ષ છે. જે ધર્મ મોક્ષ અપાવે છે, તે સાચો ધર્મ છે. ધન અને કામ તો સંસારમાં ભટકાવનારા છે.

પ્રભુવીર પુન્યકાળ રાજાને આવેલ આઠ સ્વપ્નોનો અર્થ શ્રી મહાવીર પરમાત્મા સમજાવે છે. આ સ્વપ્નો ભવિષ્યની આગાહી કરે છે :

**૧લું સ્વપ્ન :** વિશાળ કાય હાથી છે. મોટી હસ્તિશાળામાં રાખવામાં આવેલ છે. ત્યાં તોફાન કરીને તે ખૂબ જૂની હસ્તિશાળામાં ચાલ્યો જાય છે.

**પ્રભુ જવાબ આપે છે :** શ્રાવકો હાથી જેવા હશે. સંસારીઓને ત્યાગના માર્ગે લઈ જવામાં આવશે, પણ ત્યાગ તેમના જીવનમાં નહીં ઉતરે, ક્ષણિક સુખદાયી સંસારમાં ભટક્યા કરશે. શ્રાવકોને આપઘાત કરવાનો વિચાર આવશે, પણ ત્યાગનો નહિ; કદાચ ત્યાગનો વિચાર આવશે, તો તે ત્યાગ લાંબો ટકશે નહીં.

**૨ જું સ્વપ્ન :** એક નાનો વાંદરો મોટા વાંદરા સાથે તોફાન કરે છે.

**પ્રભુ જવાબ આપે છે :** મારા પછીના આચાર્યોમાં સંપ રહેશે નહીં.

**૩જું સ્વપ્ન :** કલ્પવૃક્ષની આસપાસ વાડ છે. તેનાં ફળો વાડમાં પડી જાય છે, તેથી કોઈ લઈ શકતા નથી.

**પ્રભુ :** શ્રાવક દાન કરશે, પણ તેનું દાન સુપાત્ર નહીં બને. ફળ કાંટાની વાડમાં પડે છે, તે પ્રમાણે કુપાત્રના હાથમાં દાન ચાલ્યું જશે.

અત્યારે સાધર્મિકોની ઉપેક્ષા ઘણી થઈ રહી છે.

**૪ થું સ્વપ્ન :** સુંદર સરોવરને કાંઠે બેઠેલ કાગડો બાજુમાં વહેતી ગટરનું પાણી પીએ છે ને પનિહારીઓનું અબોટ પાણી બોટી નાખે છે.

**પ્રભુ :** ઘરમાં સુંદર ખાનપાન હશે, તે નહીં ગમે, બહારનો કચરો ખાવો પીવો ગમશે. સાધુ ને શ્રાવકો વક્ર સ્વભાવના થશે. કોઈની શીખામણ સાંભળવી નહીં ગમે. જ્ઞાતિઓ, બંધારણો ધીમે ધીમે તૂટી જશે.

**૫ મું સ્વપ્ન :** વિરાટ જંગલ છે. તેમાં વિશાળ સિંહ મૃત્યુ પામેલ છે. શિયાળીયાઓ ભાગી જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કીડાઓ તેના શરીરને ફોલીને ખાય છે.

**પ્રભુ** : તીર્થંકરો, કેવળજ્ઞાનીઓ, ગણધરો અને ચૌદપૂર્વ ધરો જેવા મહાતારક વિરાટ આત્માઓ ચાલ્યા જવાના, જૈનશાસન રૂપી મરેલો સિંહ રહેવાનો. શાસનનું સ્વરૂપ સિંહ જેવું હોવાથી મિથ્યાત્વ રૂપી શિયાળિયાઓ તેની પાસેથી દૂર ભાગવાના. પરંતુ શાસનને આંતરિક મતભેદ ફોલી ખાશે.

**૬ ઠું સ્વપ્ન** : સુંદર સરોવરમાં કમળ ખીલ્યાં છે. પણ તેમાં સુગંધ નથી પણ ઉકરડામાં ખીલેલ કમળોમાં સુગંધ છે.

**પ્રભુ** : સારા કુળમાં જન્મેલ છોકરાઓ ધર્મ વગરના હશે અને અનાર્ય દેશમાં ને અનાર્ય જાતિમાં જન્મેલ બાળકોમાં ધર્મ હશે.

ભારતમાં માંસાહારનો પ્રચાર પ્રમાણ વધવા માંડ્યો છે.

યુરોપમાં વેજીટેબલ સોસાયટીઓ સ્થપાવા માંડી છે.

આજે હરિજનો મોટા ઓફિસરો, પ્રધાનો થવા લાગ્યા છે.

**૭મું સ્વપ્ન** : એક માણસ સરસ ભૂમિમાં ખરાબ ફળ વાવે છે.

**પ્રભુ** : દુનિયામાં નકામું બીજ હશે, તે સારા ક્ષેત્રમાં વવાશે. સારા ક્ષેત્રમાં સારૂં બીજ વવાય તો જ ખીલી ઊઠે છે. જ્યાં જરૂર હશે ત્યાં ધન નહીં ખર્ચાય, જ્યાં જરૂર નહીં હોય તેવા મોજશોખમાં, કપડામાં, એશ આરામમાં પૈસા વપરાઈ જવાના. દયા, પુણ્ય વગેરે સાતક્ષેત્રમાં પૈસા ઓછા વપરાશે.

**૮ મું સ્વપ્ન** : કમળ પાંખડીઓમાં શ્વેત કળશ મલિન પાણીથી ભરેલો હોય છે અને પાંદડાંઓથી લપટાયેલો હોય છે.

**પ્રભુ** : જેનું જીવન સુંદર ભાવનાઓથી ભરેલ હશે; ત્યાં લોકોને શંકા આવશે. સજ્જન આત્માઓ ઓછા હશે. શાંત સાધુઓને નકામા સાધુઓ હેરાન કરવાના. સોનું અને પિત્તળ ઝઘડો કરવાના.

આજે સજ્જન માણસોને દુર્જન ખૂબ હેરાન કરે છે. સમાજની સંપત્તિ ને શક્તિ અયોગ્ય માર્ગે વેડફાઈ રહેલ છે.

ત્યાર પછી પુન્યપાળ રાજાએ પ્રભુ પાસે દીક્ષા લીધી.

પ્રભુએ ગૌતમના અભ્યુદય ખાતર રાગ દૂર કરવા ખાતર ગૌતમને પોતાના અંત સમયે દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યા. ગૌતમ એટલે આજ્ઞાંકિત મૂર્તિ. તે ગયા ને દીપક બૂઝાઈ ગયો. સત્ય જ્યોતિ જતાં જ્યોતિના આભાસરૂપે લોકોએ દીપકો પ્રગટાવ્યા, ને તે થઈ દીપાવલી. પ્રભુ જેવા સૂર્ય જતાં, તેમણે નાનકડા કોડિયાને પ્રકાશ આપ્યો.

આ પર્વમાં આંસુ છે, આનંદ પણ છે, પ્રભુ નિર્વાણ પામ્યા, એવું ગૌતમે જ્યાં સાંભળ્યું, ત્યાં હતાશ થઈ બેસી ગયા. પોકેપોક મૂકી બાળકની માફક રડવા લાગ્યા. ગૌતમને વીર પ્રભુનું પગલું જ્ઞાનવંતું દેખાયું, ને તે જ્ઞાનનો પ્રકાશ અંતરમાં પથરાતા પ્રભાતે ગૌતમને કેવળજ્ઞાન થયું.

*[ પ્રેરણા પુસ્તકમાંથી સાભાર ]*
*રજૂઆત : મુકેશ સરવૈયા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બેસતું વર્ષ : શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાન દિન

*રજૂઆત : દિવ્યકાંત સલોત*

કાતરક સુદિ એકમનો દિવસ વિક્રમ સંવત પ્રમાણે બેસતું વર્ષ ગણાય છે. આ મહાન પર્વની તમામ જાતિના લોકો આનંદભરી ઉજવણી કરે છે. આ જ દિવસે ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના મુખ્ય શિષ્ય અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, એટલે તે ગૌતમજ્ઞાનપ્રાપ્તિનો દિન ગણાય છે. તે દિવસે સર્વ ભાવિકો પ્રાતઃકાળમાં વહેલાં દેવદર્શન કરી, ઉપાશ્રયે જઈ, ગુરુમુખેથી મહામાંગલિક નવસ્મરણનું શ્રવણ કરે છે અને ત્યાર બાદ શ્રી ગૌતમસ્વામીના જીવનની રૂપરેખા આપતો 'ગૌતમસ્વામીનો રાસ' અનન્ય ચિત્તે સાંભળે છે.

શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું? તે હકીકત જાણવા જેવી છે. તેમના હાથે અનેક મનુષ્યો દીક્ષિત થયા હતા અને કેવળજ્ઞાન પામ્યા હતા, પણ પોતે હજી સુધી કેવળજ્ઞાન પામ્યા ન હતા. દીવાળીના દિવસે શ્રી મહાવીર પ્રભુએ પોતાનું નિર્વાણ જાણીને જોયું કે ગૌતમનો મારા પર અનંત સ્નેહ છે અને તે જ તેને કેવળજ્ઞાની ઉત્પત્તિમાં અંતરાય કરે છે, તેથી તે સ્નેહને મારે છેદી નાખવો જોઈએ.' પછી તેમણે શ્રી ગૌતમસ્વામીને કહ્યું : 'હે ગૌતમ! અહીંથી નજીકનાં ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ છે, તેને પ્રતિબોધ કરવા માટે તમે ત્યાં જાઓ.' તે સાંભળી 'જેવી આપની આજ્ઞા' એમ કહી શ્રી ગૌતમસ્વામી વીર પ્રભુને નમી તરત જ ત્યાં ગયા અને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડ્યો. ત્યાંથી પાછાં ફરતાં માર્ગમાં દેવતાઓની વાર્તાથી પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળ્યા. તે પરથી મનમાં વિચારવા લાગ્યા કે 'એક દિવસમાં નિર્વાણ હતું, તે છતાં અરે પ્રભો! મને શા માટે દૂર મોકલ્યો? અરે જગત્પતિ! મેં આટલા કાળ સુધી તમારી સેવા કરી પણ અંતકાળે મને તમારા દર્શન થયાં નહિ, તેથી હું સર્વથા અધન્ય છું. તે વખતે જે આપની સેવામાં હાજર હતા, તેમને ધન્ય છે. અરે ગૌતમ! તું ખરેખર વજ્રમય છે, અથવા તો તેથી પણ અધિક કઠીન છે કે જેથી પ્રભુનું નિર્વાણ સાંભળીને પણ તારાં હૃદયના સેંકડો કકડા થઈ જતા નથી! અથવા હે પ્રભો! અત્યાર સુધી હું ભ્રાંત થઈ ગયો કે જેથી નિરાગી અને નિર્મમ એવા આપનામાં મેં રાગ અને મમતા રાખ્યાં. તે રાગ–દ્વેષ સંસારના હેતુ છે, તેનો ત્યાગ કરવા માટે જ તમે મારો ત્યાગ કર્યો હશે, માટે હવે મમતા રાખવાથી સર્યું.' આ પ્રમાણે શુભધ્યાનપરાયણ થતાં શ્રી ગૌતમસ્વામી ક્ષપકશ્રેણીને પ્રાપ્ત થયા અને તેથી તત્કાળ ઘાતિકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન પામ્યા.'

રાગદ્વેષનો ત્યાગ એ આ પર્વનો મુખ્ય સંદેશો છે.

*[ જૈન પર્વો પુસ્તકમાંથી સાભાર ]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષની પરમકૃપાળ પ્રભુ પાસે પ્રાર્થના

નવા વર્ષની શરૂઆત થઈ પ્રભુ ! પરમેશ્વર ! પરમ તારક ! પરમકૃપા નિધાન ! કરૂણાના સાગર ! આપના ચરણકમળોમાં સેવકની શતશઃ વંદનાવલી ! ભાવપૂર્ણ અંજલી ! પ્રભુ ! મારું ભવાભિનંદીપણું.

ચાર ગતિ ભ્રમણ રૂપ—વિષય કષાયરૂપ સંસારને સારા માનવાનું : એને પસંદગીનો વિષય બનાવવાનું તું છોડાવ. મને ભવાભિનંદી બનાવવા આઠ મહા ભયંકર દોષોથી છોડાવ. તે જ બતાવેલા એ આઠ દોષો આ પ્રમાણે છે. ૧. ક્ષુદ્રતા ૨. લાભ-લોભ રતિ, ૩. દીનતા, ૪. માત્સર્ય, ૫. ભય, ૬. શઠતા, ૭. અજ્ઞતા, ૮. નિષ્ફળારંભ પ્રયત્ન.

૧. ક્ષુદ્રતા એટલે હૃદયની ક્ષુદ્રતા—તુચ્છતા—છીછરાપણું—ઉછાછળાપણું—હલકટપણું, વસ્તુને વિવેકપૂર્વક ઊંડાણથી=તત્ત્વદષ્ટિથી—દીર્ઘદષ્ટિથી—નિપુણદષ્ટિથી જોવાનો અભાવ.

૨. લાભરતિ (લોભરતિ) લોભ, લાલચ, તૃષ્ણાની ભારે વૃદ્ધિ, ભારે પક્ષપાત, નીડરપણે લોભનું આસેવન લાભ—લોભના વિષચક્રની ફસામણ.

૩. દીનતા : શોકગ્રસ્તતા, શોકાતુરતા, વાતવાતમાં ઓછું આવવું, હંમેશ રોદણા રોવાની ટેવ, જગતની વસ્તુ કે વ્યક્તિમાં ખામી અને અધૂરાશ દેખી મનોમન દુઃખી થવાનું.

૪. માત્સર્ય : બીજાના ગુણો જોઈને કે ઉત્સર્ગ જોઈને એની ઈર્ષ્યા, દ્વેષ, અસહિષ્ણુતા, મનોમન બળાપો, ખાર, હલકો પાડવાની દુર્ગુણતા.

૫. ભય : "હાય ! હાય ! મને મળેલી સુખની સામગ્રી ચાલી જશે તો ? નાશ પામશે તો ? દુઃખની સામગ્રી મને વળગી પડશે તો ?" આવી બીકની લાગણી. આવી લાગણીમાં સમાધિને ગુમાવવાનું થાય છે, પ્રસન્નતા ગાયબ થઈ જાય છે, શાંતિ અદશ્ય થઈ જાય છે.

૬. શઠતા : ધૂતારાપણું, ઠગાઈ, લુચ્ચાઈ, માયાવીપણું, કપટીપણું, વિશ્વાસઘાતીપણું, ચાલાકીપણું, ગુંડાગીરીપણું, મનમાં જુદું—વચનમાં જુદું—કાયામાં જુદું, ચારસો વીશી—આઠસો ચાલીશી.

૭. અજ્ઞાનતા : મૂર્ખતા-ગતાગમ રહિતપણું, મૂઢતા, જાણકારી હોવા છતાં વિવેકરહિતતા સારાસારની વહેંચણનો અભાવ.

૮. નિષ્ફળારંભ સંગર્તા : નિસ્સાર પ્રવૃત્તિ આચરવાપણું, જે ઉદ્યમમાં બહુધા નિષ્ફળતા અને અસારતા હોય એવી પ્રવૃત્તિ કરવાપણું.

હે દેવાધિદેવ ! મને આજથી જ તમામ દોષ રહિત બનાવ જેથી હું મારું બાકી રહેલ જીવન શાંતિ, સમાધિ, પ્રસન્નતાપૂર્વકનું બનાવવા પ્રયત્નશીલ બની શકું.

પ્રભુ ! આપનો જય હો !

આપનો વિજય હો ! —પં.શ્રી ગુણસુંદરવિજયજી ગણિ-હુબલી

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૪)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## ધારચુલાથી ગાલા

સવારે પાંચ વાગ્યે ૐ નમઃ શિવાય બોલતો માણસ ચા અને કોફી લઈને આવ્યો. ચા પીધા પછી યાત્રાની તૈયારી શરૂ કરી. જેવા તૈયાર થઈને બહાર નીકળીએ છીએ ત્યાં જ વરસાદ તુટી પડ્યો, બહાર જવું અઘરૂં થઈ પડ્યું. નિરાશ વદને યાત્રિઓ વરસાદ બંધ થાય તેની રાહ જોવા લાગ્યા. દરેક કેમ્પમાં વોકી ટોકીની સગવડતા હોય છે. તો ઉપરના કેમ્પમાં પૂછ્યું તો સંદેશો મળ્યો કે હવામાન સાધારણ છે વરસાદ નથી. એટલામાં સારા ખબર મળ્યા કે કાલે એસ.ટી.ડી. બંધ હતું તે આજે લાઈન શરૂ થઈ ગએલ છે. દરેક યાત્રિકોએ ઘરે ખુશીખબર આપ્યા કે અમો ધારચુલા પહોંચી ગયા છીએ અને યાત્રામાં નીકળવાની તૈયારીમાં છીએ. લગભગ આઠ વાગ્યે વરસાદ બંધ રહેતા. બોર્નવીટા પી અને નાસ્તો સાથે લઈને યાત્રાએ નીકળ્યા. દરેક જણાને તેમના સામાનનું વજન કરાવવાનું કહેવામાં આવ્યું. કારણ કે ૨૫ કીલોથી વધારે સામાન લઈ જઈ શકાતું નથી. આ સામાન નિગમના માણસો આગલા કેમ્પમાં પહોંચાડી દે છે, આપણે સંપૂર્ણ યાત્રાના પૈસા પહેલેથી ભરી દીધા હોય છે.

આદેશ્વર ભગવાનકી જે, હરહર મહાદેવ, ભોલેનાથની જય બોલતા બસ ઉપાડી, ૩૦ કિ.મી. માંગતી સુધી બસમાં અને ત્યાર પછી ૧૩ કી. મી. પગપાળા તથા ઘોડા ઉપર જવાનું હોય છે. સવારના વરસાદ પડેલ હોવાથી આખે રસ્તે ઠંડક હતી અને ચીડ, દેવદાર વૃક્ષોની લાંબી લાઈનો ઉપરથી પડતા પાણીના ટીપા મનને મોહી લેતા હતા. ટુંકા રસ્તા ઉપર જતાં બે જગ્યાએ પર્વતો ઉપરથી પાણીનો ધોધ સીધો બસ ઉપર જ પડયો. બારીના કાચો બંધ હતા છતાં છોડા ઘણા ભીંજાયા, દશેક વાગ્યે માંગતી પહોંચ્યા. ઘોડાવાળા તથા મજુરો આવી ગયા હતા તેથી તરત જ પર્વત ઉપર ચડવાનું શરૂ કર્યું. પાલીતાણાના શેત્રુંજા ડુંગર ઉપર પચાસ વર્ષ પહેલા જેમ પથ્થરો ઉપર થઈને ચાલવું પડતું તેવી જ રીતે અહિંયા પણ પથ્થરો ઉપર ચાલવાનું હતું. હિંગળાજ ના હડા જેવું પ્રથમથી જ સીધું ચડાણ, ઝરમર વરસતા વરસાદને લીધે પથ્થરો ઉપર માટી આવી જતાં ઘોડાઓ લપસી પડતા હતા જેથી ઘોડા ઉપરથી પડી જવાનો ભય લાગે. ઠંડી લાગવાથી દરેક ને ચા પીવાની તલપ લાગી હતી. સૌના આશ્ચર્ય વચ્ચે એક હોટલ દેખાણી ત્યાં પહોંચી ચા નાસ્તો કરીને ફ્રેશ થયા. અહિંયા એક રૂપિયામાં ગ્લાસ ભરીને ચા મળેલી. આગળ ચાલતા પર્વત ઉપર ચડતા ચડતા તેની ટોચ ઉપર ક્યારે પહોંચીએ તે વિચારતા હતા. વળાંક વળીએ ને ઉપર જોઈએ ત્યારે એમ થાય કે ટોચ ઉપર પહોંચી ગયા. પણ ટોચ હજી બાકી રહેતી. એમ કરતા કરતા ટોચ ઉપર પહોંચ્યા અને જોયું કે એક ઝાડ ઉપર લુગડાના ચીથરા વિટાળેલા હતા. અને પાસે જ પથ્થરોનો ઢગલો પડયો હતો. જાણવા મળ્યું કે ત્યાંના રહેવાસીઓમાં એવી માન્યતા છે કે ભગવાને ડુંગરની ટોચ ઉપર પહોંચાડવા બદલ અહોભાવ દર્શાવવા ચીથરૂ વીંટે અને પથ્થરના ઢગલામાં એક પથ્થર મૂકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પથ્થરના ઢગલાને લપચે કહે છે. ત્રણેક વાગ્યે ગાલા કેમ્પમાં પહોંચ્યા. રસ્તામાં વરસાદી વાતાવરણ હતું જેથી કુદરતી વાતાવરણ જોવા મળ્યું નહિ. કેમ્પમાં રસનાના સરબતથી સ્વાગત કર્યું. દરેક યાત્રિ એટલા તો થાકી ગયા હતા કે સુવાની જગ્યા શોધીને સુઈ જ ગયા. જમવા બોલાવ્યા તો પણ એટલા બધા થાકી ગયા હતા કે જમવા ઉઠવાની ઈચ્છા જ ન થાય. પણ ખૂબ ભૂખ લાગેલી એટલે ન છુટકે જમ્યા. ભારતીય બાજુના કેમ્પમાં પહોંચીએ એટલે સરબતથી સ્વાગત થાય. દરેક યાત્રી આવી જાય એટલે બુફે જમવાનું. જમવામાં ઘી વગરની ગરમાગરમ રોટલી, દાળ, શાક, ભાત, અથાણું અને પાપડ. પાંચક વાગ્યે ચા નાસ્તો, સાતેક વાગ્યે સુપ અને આઠક વાગ્યે બપોરના જેમ જ જમાવાનું વધારામાં એક મીઠાઈ. કેમ્પમાં લાઈટ માટે જનરેટર રાખેલ હોય તે નવેક વાગ્યે બંધ કરી દેવામાં આવે એટલે દરેક યાત્રી આવતી કાલનો પ્રોગ્રામ જાણી સૂઈ જાય. અમારી સાથે એક લાયર્ગન ઓફીસર તથા એક મીલીટરીનો માણસ વોકીટોકી સાથે હોય. સુવા માટે લાકડાની મોટી પાટ હોય જેના ઉપર એકી સાથે સાત આઠ જણાને સુવાનું. દરેક જગ્યાએ ત્રણ ચાર ઓરડાઓ હોય, સ્ત્રીઓ માટે અલગ ઓરડા હોય. સાથે લેટ્રીન બાથરૂમ હોય. જેમ જેમ ઊંચાઈએ જઈએ તેમ તેમ ઓઢવા પાથરવાનું તેને અનુકૂળ મુજબ હોય, જેથી ઠંડી ન લાગે અને આરામથી સુઈ શકાય. દરેક કેમ્પમાં સુંદર આયોજન હોવાથી યાત્રિકોને ફરિયાદ જેવું રહેતું નથી.

જે બેનને હેલીકોપ્ટરમાં નીચે લાવવાના હતા તે બેન મળી ગયા તેમની તબિયત સારી જાણી આનંદ થયો, અને વિશ્વાસ બેઠો કે આપણે પણ યાત્રા સફળતા પૂર્વક કરી શકીશું.

ગાલાના રસ્તામાં એક છોડ થાય છે. તેના ફુલ રંગે તથા રચનાએ નાગ જેવા લાગે છે ધારીને જુઓ તો ફેણ ચઢાવીને લબકારા મારતી જીભ કાઢીને બેઠેલો મણિધર. આ છોડને બીચ્છુ કહે છે. છોડ કેડીની ધારે હોય અને નજીકથી ચાલતા તેને અડી જવાય તો ડંખ લાગે અને તેનો દુખાવો સખત થાય. દુખાવો બે ત્રણ દિવસ ચાલે.

ગાલાથી ૨૫ કી. મી. દૂર નારાયણ આશ્રમ આવેલ છે. નારાયણસ્વામી મહારાજ કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયા હતા ત્યારે ત્યાંના ભોટીયા લોકોની દુર્દશા જોઈ ખુબ લાગી આવ્યું. તેથી ત્યાંના આદિવાસીઓ માટે તે જ વિસ્તારમાં નિશાળો તથા ઉદ્યોગો ચાલુ કર્યા અને આશ્રમ સ્થાપ્યો. આશ્રમમાં સુંદર નાનકડું મંદિર છે. આશ્રમમાં યોગ તથા ધ્યાનના વર્ગો ચાલે છે. હાલમાં આશ્રમનો વહીવટ સ્વામી તદ્રુપાનંદજીના હાથમાં છે. તેઓ અવારનવાર ભાવનગર આવે છે. અને ધ્યાન, યોગ, ગીતા વિ. ઉપર પ્રવચનો આપે છે.

આ યાત્રામાં દર્શન કરવાયોગ્ય સ્થળો નીચે પ્રમાણે આવે છે. નારાયણ આશ્રમ, કાલાપાની પાસે સીક્યોરીટીના જુવાનોએ બનાવેલું શંકર ભગવાનનું મંદિર, આદિ કૈલાસ, ૐ પર્વત, વ્યાસગુફા, કૈલાસ માનસરોવર આસપાસ બુદ્ધ ભગવાનના મંદિરો, કૈલાસ એટલે શંકર ભગવાનનું રહેવાનું સ્થાન અને અષ્ટાપદ એટલે શ્રી આદેશ્વર ભગવાનની નિર્વાણ ભૂમિ.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'શ્રી આત્માનંદ પ્રકાશ'ને અમારી હાર્દિક શુભેચ્છા

# મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૪૨૮૯૯૭-૫૧૭૮૫૪

| રોહિતભાઈ | સુનીલભાઈ | પરેશભાઈ |
|---|---|---|
| ઘર : ૨૦૧૪૭૦ | ઘર : ૨૦૦૪૨૬ | ઘર : ૫૧૬૬૩૯ |

## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦, ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર–૪૩૯૭૮૨, વડવા પાનવાડી–૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦, ભાવનગર-પરા-૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૫૬૩૮૩૨, ઘોઘા રોડ–૫૬૪૩૩૦, શિશુવિહાર–૪૩૨૬૧૪

**સલામત રોકાણ** **આકર્ષક વ્યાજ**

| ડીપોઝીટ | વ્યાજનો દર | ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૯.૦ ટકા |
| ૧૮૧ થી ૧ વર્ષની અંદર | ૭.૨૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૯.૫ ટકા |

૯૦ માસે રકમ ડબલ મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.**

| મનહરભાઈ એચ. વ્યાસ | વેણીલાલ એમ. પારેખ | નિરંજનભાઈ ડી. દવે |
|---|---|---|
| જનરલ મેનેજર | મેનેજિંગ ડિરેક્ટર | ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિનશાસનની શ્રી ચતુર્વિધસંઘની ગૌરવભરી કીર્તિગાથાનું સંવત ૨૦૫૯ ના ગુજરાતી જૈન કેલેન્ડર પંચાંગનું વિમોચન

પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના જૈન ધર્મ–શાસનના દરેક સંપ્રદાયો, ગચ્છો, સમુદાયો, મતો, પ્રદેશોને એક તાંતણે ગુંથી રહેલા જૈન પ્રકાશન, જેઓ છેલ્લા અનેક વર્ષોથી ગુજરાતી ભાષામાં પંચાંગનું પ્રકાશન કરી રહ્યા છે. તેઓ દ્વારા સં. ૨૦૫૯ નું ગુજરાતી જૈન કેલેન્ડર પંચાંગ શ્રી સર્વોદય પાર્શ્વનાથ જિનાલય–મુલુન્ડ મુંબઈ ખાતે ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી સૂર્યોદયસાગર-સૂરીશ્વરજી મ. સા.ની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વના પ્રથમ દિવસે તા. ૩-૯-૨૦૦૨ ના રોજ હજારો જૈનની ઉપસ્થિતિમાં ભવ્ય સમારોહ વચ્ચે પ્રકાશિત થયેલ છે.

અમારા આગામી સં. ૨૦૫૯ના વિવિધરંગી, અસંખ્ય માહિતિસભર પંચાંગમાં શ્રી ચતુર્વિધ સંઘના શ્રેષ્ઠ શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના સચિત્ર જીવનચરિત્ર આપેલા હોવાથી દર્શનીય બનેલ છે તથા ગુજરાતના લોકલાડીલા લેખક શ્રીકુમારપાળભાઈ બી. દેસાઈની વાચકો સરળતાથી સમજી શકે એવી સુંદર શૈલીનો સહયોગ મળેલ છે. જે બહોળા જૈન સમાજના જિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા ને તૃપ્ત કરી ઘરઘરની શાન બની રહેશે.

આ પ્રકાશિત થયેલ જૈન કેલેન્ડર પંચાંગમાં તિથિ, તારીખ, વાર, નક્ષત્ર, નવકારશી, ચૌવિહાર, પર્વ તિથિ લીલોતરી ત્યાગ, ભગવાનના કલ્યાણકો, તીર્થોની ધજા–મેળાના દિવસો, ગુરુ ભગવંતોના જન્મ–સ્વ. દિવસોની તિથિમાં ફોટા સહિત જાણકારી આપીને અત્યંત વૈવિધ્યપૂર્ણ બનાવેલા છે. સાથોસાથ પાછલના પૃષ્ઠોમાં નિત્યસ્મરણ જાપ, પચ્ચક્ખાણો, યંત્ર પૂજા, મંત્ર વિધિ વિધાન, યાત્રિક ઉપયોગી તીર્થ સ્થાનોના કિ. મી. તથા એસ.ટી.ડી. સહિત ફોન નંબરો, ધાર્મિક પ્રવૃત્તિ–સેવા વ્યવસાય પૂર્તિ તેમજ વાસ્તુ શાસ્ત્ર જેવી અનેકવિધ માહિતીઓથી સભર આ પંચાંગ બનેલ છે. આ જૈન પંચાંગ કેલેન્ડરની વિશેષ માહિતી કે પર્યુષણની પ્રભાવના માટે પ્રકાશક મહેન્દ્ર ગુલાબચંદ શેઠ ડોંબીવલી (ઇ)નો (૦૨૫૧)–૮૮૧૭૫૪ સંપર્ક કરવા જણાવેલ છે.

સરનામુ :– **જૈન પ્રકાશન**

૫, અર્જુન સ્મૃતિ, ડી.એન.સી. રોડ,
ડોંબીવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૧ (મહારાષ્ટ્ર)

**With Best Compliments From :**

**Universal AGENCIES**

**Press road, volkart road, BHAVNAGAR-364001**
**Phone : (O) 428557/427954 Fax : (0278) 421674**
**E-mail : universal agencies@usa.net**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્રિભુવન તારક તીર્થાધિરાજ શ્રુતલેખન કેન્દ્ર

ત્રિભુવન તારક તીર્થાધિરાજની છત્રછાયામાં તપાગચ્છાધિરાજ 'સૂરીરામ' અને ગચ્છાધિરાજ 'સૂરીમહોદય'ના ધર્મપ્રભાવક સામ્રાજ્યમાં પ્રશાંત-મૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મહારાજ આદિ ૧૪–૧૪ શાસન પ્રભાવક પૂ. આચાર્ય ભગવંતોની પાવન નિશ્રામાં તપ – જપ – યોગોદ્વહન–પ્રભુભક્તિ–મહોત્સવ–પ્રવચન વાચનાદિ અનેકવિધ ચાતુર્માસિક આરાધનાઓ ઉત્સાહભેર આગળ વધી રહી છે. એક સુવર્ણ તક આપ સૌની સમક્ષ રજૂ થઈ રહી છે; શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્ય પૈકી 'શ્રુતપૂજા' અને શ્રાવકના ૩૬ કર્તવ્ય પૈકી 'પુત્થયલિહણં' કર્તવ્યને અદા કરવા ૪૫ આગમ વગેરે શાસ્ત્રગ્રંથોને હસ્તલિખિત કરવાનું અનોખું આયોજન વિચારેલ છે. મહા પુરુષોએ પણ કહ્યું છે કે.

**'વિષમકાળ જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા'**
**हा ! हा ! अणाहा कहं हुंता ? जई न हुंतो जिणागमो।**
**ખરેખર! જો જિનાગમ ન હોત તો અમારું શું થાત?**

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ૧૪૪૪ ગ્રંથની રચના કરી, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ સાડાત્રણ કરોડ શ્લોકની રચના કરી અને ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે લાખો શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરી. બીજા પણ અનેક મહા પુરુષોએ હજારો–લાખો શ્લોક પ્રમાણ શ્રુત રચના કરી છે. પૂર્વના મહાપુરુષોએ લોહી પાણી એક કરીને આટલું વિરાટ શ્રુત સર્જન કર્યું છે. શું આપણે એ શ્રુતની રક્ષા કરવામાં ય ઉણા ઉતરીશું? ૨૫૦૦ થી અધિક વર્ષોથી ચાલી આવતી શ્રુતગંગા શું અધવચ્ચે જ અટકી જશે? ના...ના... એવું હરગિજ નહિ બનવા દઈએ. આવો આપણે સૌ સાથે મળી એ શ્રુતગંગાને અવિરત વહેતી રાખવા તન–મન–ધનથી હસ્તલિખિતના કાર્યમાં જોડાઈ જઈએ.

મહારાજા કુમારપાળે હજારો લહિયાઓ બેસાડીને તાડપત્ર પર શાસ્ત્રગ્રંથોને લખાવીને સુરક્ષિત કર્યા. મંત્રીશ્વર વસ્તુપાળ–તેજપાળે ૭ કરોડ દ્રવ્યનો સદ્વ્યય કરી ૭ વિરાટ જ્ઞાન ભંડારો તૈયાર કરાવ્યા. મંત્રીશ્વર પેથડશાહે પણ અનેક જ્ઞાનભંડારો તૈયાર કરાવેલ અને શ્રી ભગવતીસૂત્રમાં ૩૬ હજાર વખત આવતા ગોયમ પદ પર સુવર્ણ મુદ્રા મૂકીને પૂજા કરેલ જેમાં કુલ ૩૬ હજાર સુવર્ણમુદ્રાનો સદ્વ્યય કર્યો હતો.

મોગલોના આક્રમણકાળમાં મહિનાઓ સુધી જ્ઞાન ભંડારોના ગ્રંથો ભસ્મીભૂત કરાયા અને અંગ્રેજોના આક્રમણ કાળમાં હજારો ધર્મગ્રંથો જ્ઞાનભંડારોમાંથી યેનકેન પ્રકારે લૂંટવામાં આવ્યા. આમ અનેક ઉપદ્રવોના કારણે જિનશાસનની શ્રુતગંગાને ઘણી હાનિ થવા પામી ઘણો શ્રુતવારસો નાશ પામવા છતાં હજુ બચી ગયેલો શ્રુતવારસો પણ સુરક્ષિત કરી દઈએ તો સાડા અઢાર હજાર વર્ષ સુધી જિનશાસનની જયપતાકા દિગંતમાં લહેરાતી રહી શકે. આ શ્રુતવારસાને સુરક્ષિત કરવા અને હજારો વર્ષ સુધી ટકાવવા કેમીકલવગરની શાહીથી કલમ વડે હાથ બનાવટના ટકાઉ અને કિંમતી સાંગાનેરી કાગળ ઉપર સુંદર અક્ષરોવાળા લહિયાઓ દ્વારા લખાવીને હસ્તલિખિત કરાવવાનું કાર્ય પૂ. ગુરુભગવંતોના માર્ગદર્શન મુજબ અમે શરૂ કર્યું છે. આપ પણ આ કાર્યમાં તન–મન–ધનથી ઉદારતા ભર્યો સહકાર પ્રદાન કરશો એવી વિનંતી. ૧ શ્લોક લખવાનો અંદાજે ૧ રૂા. ખર્ચ આવે છે.

૧ લાખ શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતવર્ધક'** ગણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતરક્ષક'** ગણાશે.

૩૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતદ્વારક'** ગણાશે.

૨૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતોપાસક'** ગણાશે.

૧૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતપૂજક'** ગણાશે.

૫ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતભક્ત'** ગણાશે.

૩ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતસેવક'** ગણાશે.

૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતરાગી'** ગણાશે.

૫૦૦ શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતપ્રેરક'** ગણાશે.

૧૦૦ શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ **'શ્રુતપ્રેમી'** ગણાશે.

આપના સંઘના જ્ઞાનખાતામાંથી આ કાર્ય માટે સારી રકમ ફાળવવા વિનંતિ.

જે દ્રવ્યના ઉપયોગથી લાખો શ્લોક પ્રમાણ ધર્મગ્રંથોનો પુનરૂધ્ધાર થશે.

ચાતુર્માસ દરમ્યાન આગમ લખાવવાનો લાભ લેવા માટે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી

**શ્રી પુષ્કરભાઈ રીખવચંદ શાહ (માલેગાઁવવાળા)**
**વાવ પંથક જૈન ધર્મશાળા, તળેટી રોડ,**
**પાલીતાણા.**

**શ્રી સેવંતીલાલ સી. શાહ (ડીસાવાળા)**
**સાંચોરી ભવન, હોલ નં. ૩, તળેટી રોડ,**
**પાલીતાણા.**

# શોકાંજલિ

શ્રી જસુભાઈ જગજીવનદાસ કપાસી [એપ્ટેક કોમ્પ્યુટરવાળા]નું ગત તા. ૨૫-૦૮-૦૨ના રોજ ભાવનગર ખાતેના તેમના નિવાસ સ્થાને ૬૮ વર્ષની વયે અવસાન થયેલ છે. જેની નોંધ લેતા આ સભા ઊંડાં ખેદની લાગણી અનુભવે છે.

સ્વ. શ્રી જસુભાઈ કપાસી આ સભાના માનવંતા પેટ્રન–સભ્યશ્રી હતા. સભા દ્વારા પ્રકાશિત 'શ્રી તીર્થંકર ચરિત્ર–સચિત્રના પ્રકાશન કાર્યમાં તેમનું યોગદાન મહત્ત્વનું હતું. જ્યોતિષ શાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રનું ઉંડુ જ્ઞાન ધરાવતા સ્વ. શ્રી જસુભાઈ કપાસીએ એન્જી. કોમ્પ્યુટર, નવકારસાધના વિગેરે વિષયો ઉપર પુસ્તકો લખ્યા છે. અને નિવૃત્તિ બાદ પોતાનું સમગ્ર જીવન નવકાર સાધનામાં વિતાવ્યું છે.

નવકાર વિષેના પુસ્તકથી વિશ્વભરમાં ખ્યાતિ પામેલા શ્રી જસુભાઈ નવકારના જેમ ૬૮ અક્ષર છે તેમ ૬૮ વર્ષની વયે અવસાન થતા જેને એક સંયોગ ગણી શકાય.

તેમના અવસાનથી જૈન સમાજને એક ઉમદા આગેવાનની ખોટ પડી છે.

સ્વ. શ્રીમાં નમ્રતા, સહૃદયતા, સરળતા, સેવાભાવના, સાદાઈ, પ્રમાણીકતા અને ઉદારતા અને સચ્ચાઈ જેવા અનેક સદ્‌ગુણો અન્યને પ્રેરણારૂપ બને તેવા હતા.

તેમના અવસાનથી તેમના કુટુંબ પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments from :

# AKRUTI

## NIRMAN PVT. LTD.

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માણસ પોતાની ઊણપોને છુપાવવા બીજાના રાઈ જેવડા દોષોને પર્વત જેવા બનાવે છે

જીવન વહેવારમાં આપણે ભિન્ન ભિન્ન પ્રકૃતિના માણસો સાથે પરિચયમાં આવીએ છીએ. માનવીની કેટલીક સ્વભાવગત નબળાઈઓ અને ઊણપો હોય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી. દરેક માણસનો સ્વભાવ, ગમો, અણગમો અને જીવન જીવવાની અને કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે. એટલે કેટલીક વખત આવા ભિન્ન ભિન્ન પ્રકૃતિના માણસો વચ્ચે સંઘર્ષ અનિવાર્ય બની જાય છે. પરંતુ સમજદાર માણસ આની એક મર્યાદા બાંધી લે છે. આને આપણે મતમતાંતર કે મતભેદ તરીકે ઓળખીએ છીએ. આમાં મનભેદ હોતો નથી. શાંતિમય સહઅસ્તિત્વ જ આપણા મૂળભૂત તત્ત્વને ટકાવી રાખે છે. આમ છતાં જ્ઞાની માણસો કહે છે, સમાજમાં એવા કેટલાક માણસો હોય છે તેની સાથે બની શકે ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં. તેનો વિરોધ કરવો નહીં. વિરોધ કરીને આડા ઊતરીએ તો સરવાળે આપણને જ નુકશાન થાય.

અત્યારના જગતમાં કોણ સારો અને કોણ ખરાબ, કોણ સજ્જન અને કોણ દુર્જન એની કલ્પના કરવાનનું મુશ્કેલ થઈ ગયું છે. કેટલીક વખત સગા દીકરાઓ દુશ્મન જેવા બની જાય છે અને જેને દુશ્મન માનતા હોઈએ તે ખરેખર ટાંકણે ઢાલ બનીને ઊભો રહે છે. સજ્જન અને દુર્જનના ચહેરાઓ અને મહોરાઓ બદલાઈ ગયા છે. સ્વાર્થ આવે છે ત્યારે માણસ હેવાન બની જાય છે.

આમ જોઈએ તો અનેક બાબતો જે આપણા ચોગઠામાં બેસતી ન હોય તેને અગે વિરોધ કરતા રહીએ છીએ. કેટલીક વખત વિરોધ આડકતરો હોય છે. વિરોધ અનેક પ્રકારે થાય છે. રોષથી, પ્રેમથી, વ્યંગથી, કટાક્ષથી કે સામા માણસને મેણુ મારીને કે સામા માણસને ન ગમતી વાત કરીને અથવા તો તેના મર્મસ્થાન પર ઘા કરીને વિરોધ થતો હોય છે. જેવો પાત્ર હોય તેવો ઘા કરવામાં આવે છે. ઘા કરનારનો વાર નિષ્ફળ જાય તો તે ધૂંઆપૂંઆ થઈ જાય છે. વિરોધનો પ્રતિભાવ ન ઊભો થાય તો પણ વિરોધ બુઠ્ઠો બની જાય છે. એટલે વિરોધ કરનારાઓ સમય, સ્થળ અને સંજોગો અને પાત્ર જોઈને તીર ચલાવતા હોય છે.

આપણી સામે થતી ટીકાને કોઈ પણ જાતનો પ્રતિભાવ નહીં આપીને મહાત કરી શકીએ. સાચી સમજણ ભરી વાતમાં ગુસ્સે થયા વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો આ વિરોધ ઓસરી જાય. આપણે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરતા હોઈએ ત્યાં એક યા બીજી રીતે ઘણો વિરોધ તો જરૂર થવાનો કારણ કે દરેક માણસની દૃષ્ટિ જુદી જુદી હોય છે. તેના ગમા—અણગમા જુદા જુદા હોય છે. માણસને ક્યાંક ને કયાંક ઘા લાગી જાય છે. કેટલીક વખત એકનો ગુસ્સો બીજા પર ઊતરે છે. કેટલીકવાર જૂની વાત, જૂનો પૂર્વગ્રહ મનમાં ભરેલો હોય છે અને ક્યાંક બહાનું મળી જતાં એ રોષ પ્રજ્વલ્લિત બને છે.

કેટલાક માણસો એવા હોય છે જે પૂરું સમજ્યા વગર વાતવાતમાં મિજાજ ગુમાવે છે તેમને ગમે ત્યાં આડું પડી જાય છે. તમે તેના માટે સારી વાત કરવા જાવ અને ખતાં ખાઈને પાછા ફરો એવી પરિસ્થિતિ ઊભી થાય છે. કેટલાક આડું જોવા માટે ટેવાયેલા હોય છે. તેમને ગમે તેટલું સારું થયું હોય તો પણ ખોડખાંપણ કાઢ્યા વગર ચેન પડતું નથી.

કોઈ પણ બાબતમાં વિરોધ કરનારા લોકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાનપણે, સમજી વિચારીને વિરોધ ન કરે તો તેમને પાછા પડવું પડે છે. વિરોધમાં જીદ અને હઠાગ્રહ ચાલે નહીં. કોઈ પણ વસ્તુનો વિરોધ કરીએ ત્યારે તેને યથાર્થ સ્વરૂપમાં સમજીએ તો જ વિરોધ કામયાબ બને. વિરોધ કરવા ખાતર કોઈ દિવસ કરવો નહીં. વિરોધ કરવામાં પરિસ્થિતિ સુધરી શકતી હોય તો જ વિરોધ કરવો. બીજાને વ્યક્તિગત રીતે દુઃખ પહોંચાડવા કે તેની માનહાનિ કરવા માટે કદી વિરોધ કરવો જોઈએ નહીં. શ્રેય વગરનો વિરોધ એ સાચો વિરોધ નથી, પરંતુ એક જાતનો દ્વેષ છે. વિરોધ અને ટીકામાં ફરક છે. વિરોધ દર્શાવીને આપણે ચોક્કસ બાબતો અંગેનો આપણો મત દર્શાવીએ છીએ. જ્યારે ટીકામાં દ્વેષ ભળે છે.

કુટુંબ, સમાજ કે કોઈ પણ ક્ષેત્રમાં આપણે જ્યાં કામ કરતા હોઈએ ત્યાં બીનજરૂરી વિરોધ, ટીકા, નિંદાથી દૂર રહેવું જોઈએ. આ બધી બાબતોને પોતાની મર્યાદા છે. કેટલાક માણસો ઈશારાથી સમજી જતા હોય છે તો બીજા કેટલાક માણસો એક કાનેથી સાંભળે છે અને બીજા કાને કાઢી નાખે છે. વિરોધ, ટીકા, નિંદા સહન કરવાની સૌ સૌની મર્યાદા હોય છે. કેટલાક માણસો બહુ ટચી હોય છે, જરાક અમથું કહો તો તેમને ખોટું લાગી જાય છે. સ્ત્રી હોય તો આંખમાંથી આસું પડવા માંડે છે. કેટલાક માણસો વાતને જલ્દીથી ભૂલતા નથી, તેને મનમાં ને મનમાં મમળાવ્યા કરે છે અને જાતે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. આવી બધી વાતોને જલ્દી ભૂલી જવી જોઈએ.

માણસો પોતાની કરજોરી અને દોષોને છુપાવવા માટે બીજાના રાઈ જેવડા દોષોને પર્વત જેવા બનાવતા હોય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી. દરેક માણસમાં કાંઈક ને કાંઈક ઊણપ રહેલી હોય છે. દરેક માણસમાં સારી વસ્તુ જોવાનો પ્રયાસ કરવો જોઈએ અને ગુણગ્રાહી બનવું જોઈએ. જીવનનો આ સાચો અભિગમ છે.

*—મહેન્દ્ર પુનાતર*

## ❀ પુસ્તક મહિમા ❀

**અમદાવાદ શહેરમાં બનેલી આ સત્ય ઘટના છે. વહુના અપેક્ષા વિરુદ્ધ વર્તને સાસુનો સારો સ્વભાવ પણ....જમાનાની ખાધેલ વહુએ એકવાર ખૂબ આવેશમાં આવીને સાસુનો ચોટલો પકડીને ઘરની બહાર....અને કહ્યું, "ખબરદાર! આ ઘરમાં ફરી પગ મુક્યો છે તો!" સાસુએ કહ્યું, "વહુ! જિંદગીભર તને એક શબ્દ પણ નહિ કહું." પણ....રડતી સાસુ નાના દીકરાને ઘેર જઈને રહેવા લાગી.**

**કેટલાક સમય બાદ વહુના પુણ્યોદયે પ્રવચન-પ્રભાવક પ. પૂ. આ.શ્રી રત્નસુંદરસૂરિજી લિખિત "ઝેર જ્યારે નીતરી જાય છે" પુસ્તક રત્ન તેના હાથમાં આવ્યું. પુત્રવધૂને ઉદ્દેશીને લખાયેલું અદ્‌ભુત આ પુસ્તક છે. આ પુસ્તક વાંચતી વખતે અનેકવાર આ વહુની આંખે આંસુ ધારા વહી રહી છે. પુસ્તક વાંચ્યા બાદ વહુએ નિર્ણય કર્યો કે "જ્યાં સુધી સાસુને પુનઃ સન્માનભેર ઘરે ન લાવું ત્યાં સુધી ચોવિહારા ઉપવાસ કરીશ." તપાસ કરી તો સાસુ કોઈ કામે બહારગામ ગયા હતા. ચોથા દિવસે વહુ ત્યાં પહોંચી. સાસુ ગભરાયા કે મને મારવાતો....સાસુના ખોળામાં ધ્રુસકે ધ્રુસકે રૂદન કર્યા પછી વહુએ કહ્યું, "મમ્મી! મને માફ કર." સાસુએ જ્યારે ચોવિહારા ઉપવાસની વાત જાણી ત્યારે તો ખોબા ભરી ભરીને વહુને પ્રેમથી નવડાવી દીધી. પોતાના હાથે ચાર ઉપવાસનું પારણું કરાવ્યું.**

**ઘરમાં પ્રેમરૂપી સ્વર્ગનું અવતરણ કર્યા વિના ઉપરના સ્વર્ગમાં કદી કોઈ જઈ ન શકે.**

***(દિવ્ય વાર્તા ખજાનો ભાગ-૫ માંથી સાભાર)***

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ' રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક
શુભેચ્છાઓ....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)

નં. ૧, કલ્પના સોસાયટી,
નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

## કરુણા કે વાસના ?

દુઃખ વેઠીને પણ
બીજાને સુખ આપવાની
વૃત્તિ કરુણામાંથી ઊઠે છે.
તો
બીજાને દુઃખી કરીનેય
સુખી બનવાની વૃત્તિ
વાસનામાંથી ઊઠે છે.
શેનું આધિપત્ય છે. આપણા પર ?
કરુણાનું કે વાસનાનું.

*—પં. શ્રી રત્નસુંદરવિજયજી ગણિ*
*(યાત્રા પદાર્થથી પરમાત્મા તરફ પુસ્તકમાંથી)*

* * *

મોક્ષ જ એક ઉપાદેય છે અને તેને પ્રાપ્ત કરાવી આપનાર ધર્મ પણ ઉપાદેય છે અને તે ધર્મ સંપૂર્ણપણે આરાધવો મનુષ્યભવમાં શક્ય છે. શરીર તેમાં આવશ્યક અંગ છે. ધર્મ આરાધવાનો નિર્ણય કર્યા પછી પણ શરીરનો રાગ સાધ્ય એવા ધર્મને ભૂલાવી દઈ સાધનરૂપ શરીરને સાધ્ય બનાવી દે છે અને પરિણામે ધર્મ ગુમાવી બેસે છે. મુમુક્ષુ આત્માઓ સાધના દરમ્યાન પ્રમાદાધીન બની જાય ત્યારે શુભચિંતન તેમને જાગૃત કરવામાં જડીબુટ્ટી સમાન બનશે એ નિઃશંક છે.

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 445428–446598**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નાગકેતુની કથા

**ભાવપૂર્વક કરાયેલો તપ સર્વ સુખને આપનારો થાય છે અહિં કેવળજ્ઞાન પામનાર નાગકેતુનું દૃષ્ટાંત છે.**

ચંદ્રકાંતા નગરીમાં વિજયસેન નામે રાજા રાજ્ય કરે છે. ત્યાં શ્રીકાંત નામે વણિક વસે છે. તેને શ્રીસખી નામની સ્ત્રી છે, ઘણી માનતાઓથી તેને એક પુત્ર ઉત્પન્ન થયો. પર્યુષણા પર્વ નજીક આવ્યે છતે કુટુંબમાં થયેલી ત્રણ ઉપવાસ સ્વરૂપ અઠ્ઠમતપની વાત સાંભળી તે જાતિ સ્મરણ જ્ઞાનથી પૂર્વભવનું સ્મરણ કરે છે. તેથી સ્તનપાનને કરનાર તે બાળકે અઠ્ઠમતપ કર્યો અને સ્તનપાન નહી કરવાથી કરમાઈ ગયેલી માલતી ફૂલની જેમ ગ્લાની પામેલ તે બાળને જોઈને માતા–પિતાએ અનેક ઉપાયો કર્યા છતાં મૂર્છા પામેલા તે બાળકને મરેલો જાણી સ્વજનો તેને ભૂમિમાં સ્થાપન કરે છે. પુત્રના વિયોગથી પિતાનું પણ મરણ થાય છે તેથી ત્યાંના વિજયસેન રાજાએ પુત્રને અને તેના દુઃખથી તેના પિતાને મરેલા જાણી તેનું ધન ગ્રહણ કરવાં તેને ઘેર સુભટો મોકલ્યાં. અહિયા અઠ્ઠમતપના પ્રભાવથી આસન ચલિત થવાથી શ્રી ધરણેન્દ્ર નાગરાજે અવધિજ્ઞાનથી તેનું સકળ સ્વરૂપ જાણી ત્યાં આવી ભૂમિમાં રહેલા બાળકને અમૃત છાંટવા વડે આશ્વાસન આપી, બ્રાહ્મણરૂપે ધનગ્રહણ કરતાં તે સુભટોને અટકાવે છે. તે સાંભળી રાજા પણ જલ્દી ત્યાં આવી કહેવા લાગ્યો. હે બ્રાહ્મણ! પરંપરાથી અમે અપુત્રિયાનું ધન ગ્રહણ કરીએ છીએ. તેને તું કેમ અટકાવે છે? ધરણેન્દ્રે કહ્યું, હે રાજન! આનો પુત્ર જીવતો છે. રાજાએ કહ્યું કે કેવી રીતે અને ક્યાં છે? ત્યારે ધરણેન્દ્ર નાગરાજે ભૂમિમાંથી જીવતા બાળકને સાક્ષાત કરી નિધાનની જેમ બતાવ્યો, તેથી વિસ્મય પામેલા સર્વ લોકોએ પૂછ્યું, હે સ્વામિ! તમે કોણ છો? અને બાળક કોણ છે? દેવે કહ્યું કે હું ધરણેન્દ્ર નાગરાજ છું. અઠ્ઠમતપને કરનાર આ મહાપુરૂષને સહાય કરવા માટે આવ્યો છું. રાજા વગેરેએ કહ્યું, હે સ્વામિ! ઉત્પન્ન માત્રથી આ બાળકે અઠ્ઠમતપ કેમ કર્યો? ધરણેન્દ્રે કહ્યું, હે રાજન! પૂર્વભવમાં આ કોઈ વણિકનો પુત્ર હતો. તેની માતા બાળપણમાં મરી ગઈ હતી. તેથી અપરમાતાથી અત્યંત પીડાતા તેણે મિત્રને પોતાનું દુઃખ કહ્યું, તે મિત્રે કહ્યું કે—તે પૂર્વભવમાં તપ કર્યો નથી તેથી તું આવો પરાભવ પામે છે. એથી તે યથાશક્તિ તપ કાર્યને કરતો આવતા પર્યુષણમાં હું અવશ્ય અઠ્ઠમતપ કરીશ એ પ્રમાણે મનમાં નિર્ણય કરી ઘાસની ઝુંપડીમાં સૂઈ ગયો. તે વખતે અવસર પ્રાપ્ત કરી, અપરમાતાએ નજીકમાં રહેલા અગ્નિમાંથી, અગ્નિનો કણ લઈ ઝુંપડા ઉપર નાંખ્યો તેથી ઝુંપડી સળગી ગયે છતે, તે પણ મરી ગયો. અઠ્ઠમતપના ધ્યાનથી તે આ શ્રીકાંત શેઠનો પુત્ર થયો. તેથી તેણે પૂર્વભવમાં ચિંતવેલો અઠ્ઠમતપ કર્યો. આ લઘુકર્મી મહાપુરૂષ આજ ભવમાં મુક્તિપદને પામશે. તેથી તમારે પણ યત્નથી તેનું પાલન કરવું. સમયે તમને પણ મોટા ઉપકારને માટે થશે. આ પ્રમાણે કહી નાગરાજ પોતાનો હાર બાળકના કંઠમાં નાંખી પોતાના સ્થાને ગયો. ત્યારપછી સ્વજનોએ શ્રીકાન્ત શેઠનું મૃત્યુ કાર્ય કરી બાળકને નામ યથાર્થ નાગકેતુ એ પ્રમાણે રાખ્યું. ક્રમે કરી તે બાળપણથી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈન્દ્રિયોને જીતનાર જિતેન્દ્રિય એવો પરમ શ્રાવક થયો. એક વખત વિજયસેન રાજાએ કોઈ નિર્દોષ ઉપર ચોરીનું કલંક મૂકી તેને મારી નાંખ્યો અને તે મરણ પામી વ્યંતર થયો. તેણે આખા નગરમાં વિનાશ માટે શિલા વિકુર્વી અને પગના પ્રહારથી રાજાને લોહી વહેતો કરી, સિંહાસન ઉપરથી ભૂમિ ઉપર નાંખી દીધો. તે વખતે નાગકેતુ શ્રીસંઘ અને જિનેશ્વર ભગવંતના મંદિરોનો નાશ હું કેવી રીતે જીવતો જોઉં? એમ બુદ્ધિથી વિચાર કરી પ્રાસાદના શિખર ઉપર ચડી તે શિલાને પોતાન હાથમાં ધારણ કરી. તે વખતે તે વ્યંતરદેવ તેની તપ શક્તિના તેજને સહન નહિં કરતો, શિલાને સંહરણ કરી નાગકેતુને નમસ્કાર કર્યાં. તેના વચનથી રાજાને પણ ઉપદ્રવ રહિત કર્યો. એક વખત નાગકેતુને જિનેન્દ્રની પૂજા કરતાં, પુષ્પની અંદર રહેલા સર્પે ડંખ માર્યો, તો પણ વ્યાકુળ થયા વગર વિશુદ્ધ ભાવના ભાવતા તેને કેવળજ્ઞાન થયું. તેથી શાસનદેવે આપેલો મુનિવેશ ગ્રહણ કરી લાંબો કાળ પૃથ્વી ઉપર વિચરી અનેક જીવોને પ્રતિબોધ કરી, નાગકેતુ મહારાજ અજરામરપદને પામ્યા. આ પ્રમાણે નાગકેતુનું દૃષ્ટાંત સાંભળી, બીજાઓએ પણ અઠ્ઠમતપ કરવાં યત્ન કરવો જોઈએ.

**ઉપદેશ :**—નાગકેતુનું તપના પ્રભાવ ઉપર દૃષ્ટાંત સાંભળી શાશ્વત સુખને ઈચ્છનારા તમે પણ તે પ્રમાણે તપશ્ચર્યામાં યત્ન કરો તેવી શુભભાવના.

***(પ્રાકૃત વિજ્ઞાન કથાઓમાંથી સાભાર)***

✻ ✻ ✻

**APTECH**
COMPUTER EDUCATION
**"ફેમીલી પેક" યોજના**
**એકની ફી ભરો અને ફેમીલીના બધા સભ્યો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવો.**
3rd Floor, Ajay Chamber, Kalanala, Bhavnagar - 364 001
(Gujarat) India Phone : (91) (0278) 425868 Fax : (91) (0278) 421278
Internet : http://www.aptech-education.com

**COMET**
COMPUTER CONSULTANCY
10, V. T. Complex,
Kalanala, Bhavnagar - 364 001
Phone : (91) (0278) 422229

**સૌપ્રથમ કોમ્પ્યુટર કુંડળી દેશ–પરદેશની સુક્ષ્મ અને ચોક્કસ કાઢવા માટે મળો.**

**ભવિષ્યનું માર્ગદર્શન મફત રૂબરૂ મળો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કામ-ક્રોધાદિ રોકવા એક નક્કર ઉપાય

*—ન્યાય વિશારદ પૂ. આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.*

જીવ સંસારમાં અનંતા કાળથી દુઃખમાં ભટકે છે, ને આ જીવનમાં પણ દુઃખી થાય છે તે પોતાના કામ–ક્રોધ–લોભ–મદ–માયા–હર્ષ વગેરે કષાયોના કારણ છે. શુદ્ધ બનેલા આત્માને ક્યાં સંસારભ્રમણ રહે છે? તેમ બાહ્ય કાયા પણ સળગી ઊઠે છતાં જો એના પર રાગ નથી, મમત્વ નથી, તો દુઃખ શાનું લાગે? ગજસુકુમાર મુનિના માથે સગડી સળગી છતાં એમણે 'જે સળગે છે તે મારું નહિ, ને મારું છે તે સળગે નહિ' એમ કાયાની મમતા મૂકી દીધી તો જરાય દુઃખ લગાડયું નહિ ને એથી જ ઉચ્ચ ધ્યાનમાં ચઢીને કર્મ ખપાવી મોક્ષે સિધાવી ગયા. બસ, દુઃખ અને ભવભ્રમણ આ કષાયના કારણે છે.

એ કષાયને અટકાવવા માટે અનેક ઉપાયો છે. એમાં એક નક્કર ઉપાય એ છે કે જગતના બાહ્ય પદાર્થોમાં અને આત્માની અંદરના આ મલિન ભાવોમાં અત્યંત અસારતાની બુદ્ધિ ઊભી કરવી અને ટકાવવી. મન વારંવાર કહ્યા કરે કે આ ધન–માલ–મહેતાલ, કુટુંબ–પરિવાર, કે સન્માન–પ્રતિષ્ઠામાં કશો સાર નથી. અંતે એમાંનું કશું હાથમાં નહિ. એમ અંતરના કામ–ક્રોધ–લોભ મદ–ઈર્ષ્યા વગેરે મલિન ભાવોમાં ય કશો દમ નહિ આત્માને કશો લાભ ન કરે, ઊલટું નિઃસત્ત્વ અને ચિંતાતપ્ત બનાવે એ બધા મલિન ભાવો અસાર નિસ્સાર છે.

આ અસારતાની બુદ્ધિ દૃઢ કરવા માટે દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાનનું અનુપમ દૃષ્ટાન્ત છે.

પ્રશ્ન છે કે એમણે જયારે ઘર છોડી ચારિત્ર લીધું ત્યારે એમાં એટલું બધું જોમ અને જોશ ક્યાંથી આવ્યું કે તરત ત્યાં મનઃપર્યાય જ્ઞાન પ્રગટ થયું અને ઠેઠ કેવળજ્ઞાન પ્રગટવા સુધી ઘોર તપ, ભયંકર ઉપસર્ગ–પરિસહ–સહન, તથા રાતદિવસ ખડા ખડા કાયોત્સર્ગ–ધ્યાન કરી શક્યા?

આનો જવાબ એ જ, કે પ્રભુએ ચારિત્ર લેતી વખતે બાહ્ય પદાર્થો યાવત્ પોતાની કાયા તથા અંતરના મલિન ભાવોમાં અતિ ઉત્કૃષ્ટ અસારતાની બુદ્ધિ ઊભી કરી; -'બધું જ અત્યંત અસાર, મારી કાયા પણ અસાર, ને અંતરના કામ–ક્રોધાદિ ય અસાર, મારો શુદ્ધ આત્મા જ સારભૂત.'–આ બુદ્ધિનો એવો પડઘો પડયો કે એ મહાન અપ્રમત્તભાવ, જાગરિકાને અલિપ્તભાવ પર ચડ્યા ને એથી જ ત્યાં મનઃપર્યાયજ્ઞાન પામ્યા; તેમજ પછીથી અતિ ઉચ્ચ કઠોર સાધના કરી.

એમણે ઘોર તપ કર્યા, પરિસહ–ઉપસર્ગ સહ્યા! કેમ ન કરે? કેમ ન સહે? નજર સામે કાયા અત્યંત અસાર તરીકે તરવરતી હોય, પછી એના ભૂખે મરવા કે કૂટાવામાં પોતે શું કામ લેવાઈ જાય? મુસાફરીમાં કોઈ મહામવાલી ધારો કે સાથે લાગી ગયો હોય તો એ એવો અસાર લાગે કે પછી જો એ રસ્તામાં ભૂખે મરતો હોય કે બીજાથી કૂટાતો હોય, તો એથી કાંઈ લેવાઈ જવાતું નથી. ઉલ્ટું સંતોષ રહે છે કે આમ જ એ એકવાર આપણાથી છૂટી જશે. બસ એ મહામવાલી એટલે શરીર. પ્રભુએ એને અસાર માન્યું.

પ્રભુને મોટી રાજરાણીઓ અને ઈંદ્રાણીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમવા આવી. પ્રભુ કેમ ન આકર્ષાયા? કારણ એ જ કે પ્રભુ એમને અસાર દેખે છે; એમ મોટા ચમરબંધી રાજાઓ, દેવો અને ઈન્દ્રો આવી પ્રભુને નમે છે. પ્રભુ કેમ પોતાનું આત્મધ્યાન મૂકી એમના તરફ ન ખેંચાયા? આટલા માટે કે પોતાના આત્માની દૃષ્ટિએ આવા મોટા ભક્તોની ભક્તિસન્માનને પણ અસાર માને છે.

ત્યારે ભારેમાં ભારે પરીસહ–ઉપસર્ગોમાંય પ્રભુએ લેશ પણ ઉદ્વેગ અરતિ ન કરી એ પણ એ બધાને અસાર શરીરની તકલીફો લેખી હતી માટે આપણું જ બહુ જીર્ણ અને મેલુંદાટ થઈ ગયેલું કપડું અસાર ફેંકી દેવાનું માની લીધા પછી એ કપડા પર ગંદવાડ કે ઉઝરડા આવે તો આપણા મનને કાંઈ દુઃખ લાગતું નથી. તો પ્રભુએ સંયમ લેતાં શરીર પર પણ અત્યંત અસાર બુદ્ધિ ઊભી કર્યા પછી હવે એના પર પરીસહ–ઉપસર્ગ આવે તો તેથી શું કામ મનને દુઃખ લગાડે? ઉલટું એ અસાર શરીરની તકલીફોથી સારભૂત પોતાના આત્મા પરના કર્મકચરા નીકળી જતાં જુએ છે, તેથી શરીરની તકલીફોને વધાવી લે છે.

વાત આ છે કે જડમાત્રમાં ભારોભાર અસારતાની બુદ્ધિ જ્વલંત જાગવી જોઈએ. પછી એ મોટા દુશ્મનના શરીર હો તો ય એને અસાર લેખ્યા પછી એના પર ક્રોધ નહિ થાય, તેમ મોટી અપ્સરાના શરીર હો, તો ય એના પ્રત્યે કામ રાગ નહિ જાગે. એવી રીતે અંતરના કામક્રોધાદિ મેલાભાવોને અસાર લેખ્યા પછી એને પાળવા–પોષવાનું મન નહિ થાય. મનને થશે કે 'શું હું આવા તુચ્છ અસારભાવોને ઊભા રાખું?' એમાં વારંવાર જોરદાર અસારતાની બુદ્ધિ કેળવવી એ એને હટાવવાનો મહાન ઉપાય છે.

*(તારકજિનાજ્ઞા માસિકમાંથી સાભાર)*

## ❋ શ્રાવિકા બેનની ભાવના પૂર્ણતા ❋

અમદાવાદની સંસ્કારી યુવતીએ પિતાજીને ખૂબ ભારપૂર્વક કહેલું કે, ''મારા લગ્ન માટે યુવાનની પસંદગીમાં ધન કરતાં વધુ મહત્વ પામતા (ગુણ)ને આપજો. ધનની અલ્પતા હું ચલાવી લઈશ પણ....'' પિતાજીએ પુત્રીની સુંદર ભાવના જાણીને આનંદ વ્યક્ત કર્યો. પિતાજીએ ખૂબ તપાસ કરીને એક યુવાન સાથે વેવિશાળ નક્કી કર્યું. નિયતિમાં કંઈક બીજું લખેલું હતું. વેવિશાળ થયા બાદ બન્ને હોટલમાં ગયા. પેલા યુવાને આ યુવતીને ઓફર કરી કે, ''તું દારૂ પીને મને સાથ આપીશ ને!'' યુવાનના આ પ્રશ્નથી યુવતી હેબતાઈ ગઈ. વેવિશાળ થઈ ગયા બાદ બીજો પતિ કરવાની મનથી પણ ઈચ્છા નહિ ધરાવતી આ યુવીતીની મનઃસ્થિતિ ડામાડોળ થઈ. દીક્ષા લેવા જેટલું મનોબળ ન હતું. યુવતીએ રાતે ખૂબ રૂદન કર્યું. સવારે ભારપૂર્વક પ્રભુ દર્શન કરતાં યુવતીએ પ્રભુ દ્વારા સદ્‌વિચારની પ્રાપ્તિ થઈ કે, ''એમના જીવનમાંથી તમામ કુટેવો દૂર કરવા મારે આજથી આયંબિલ શરૂ કરવા.''

પરિવારના ખૂબ અવરોધો વચ્ચેય આ યુવતીએ આયંબિલ ચાલુ રાખ્યા. યુવતીનું પુણ્ય જાગ્યું. ૭૩માં આયંબિલે પેલા યુવાનનો સામેથી ફોન આવ્યો કે, ''પૂ. ગુરુ ભગવંત પાસે દારૂ આદિ તમામ વ્યસનોની હું આજે પ્રતિજ્ઞા લઈ આવ્યો છું.'' યુવતીનો આનંદ આસમાનને આંબી ગયો.

*(દિવ્યવાર્તા ખજાનો ભાગ-પમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તળાજા જૈન તીર્થ વિકાસમાં ભાવનગરના રાજવી પરિવારોની લાગણી ભરી ઉત્સુકતા

તાલધ્વજ જૈન તીર્થક્ષેત્રના વિકાસમાં ભાવનગરના રાજવી પરિવારોએ જે તે સમયે ઉદાર લાગણી દર્શાવી હતી.

તાલધ્વજ ગિરિ ઉપર શ્રી સાચાદેવની ટુંક પર શ્રી સુમતિનાથ ભગવાનના દેરાસરોનો પુનરોદ્ધાર કરાવવા સમયે સં. ૧૮૭૦માં ભાવનગરના મહારાજા રાઓલ શ્રી વખતસિંહજીએ તળાજા સંઘને લેખ લખી આપી તીર્થોદ્ધારના કાયમી હક્ક આપ્યા હતા–લેખના શબ્દો નીચે મુજબ :

**"રાઓલ વખતસિંહજી વિ. મહાજન સમસ્ત.**

**જત તળાજાના ડુંગરમાંથી પ્રતમા–મુરતીઓ નીસરી છે તેને કાજે તમે ડુંગર તળાજા ઉપર દેરૂ કરાવવાનો આદર કરો છો તે સુખથી દેરૂ ચણાવી દેરામાં મુરતીઓ બેસારજો. સેવા પૂજા ભલી ભાતસુ કરાવજો. ઈ વાતમાં દરબારશ્રીની ખુશી છે કોઈ વાતે મુઝાહમ થાશે નહી."**

**સવંત ૧૮૭૦ના જેઠ વદી ૨ :**– સં. ૧૯૨૭ વૈશાખ વદી ૧૨ના રોજ ભાવનગર રાજયએ તળાજા નદીને કાંઠે તળાજા સંઘને ધર્મશાળા બનાવવા દરબારી પડતર જમીન ટોકન દરે વેચાતી આપી હતી.

★ આજથી ૫૮ વર્ષ પહેલા સં. ૨૦૦૦ની સાલમાં ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા સર કૃષ્ણકુમારસિંહજી તળાજા તીર્થ યાત્રાએ પધાર્યા હતા. તે સમયે તેમની યાદગીરીમાં ડુંગરની ટોચ ઉપર ચૌમુખજી દેરાસરની બાજુમાં આવેલ જુના સમયના કીર્તિસ્તંભ જિર્ણોદ્ધાર કરાવી સં. ૨૦૦૧ના મહા વદી ૧૩ના રોજ નામદાર મહારાણી સાહેબાના હસ્તે આ કીર્તિ સ્તંભનું ઉદ્ઘાટન થયું હતું.

★ નેક નામદાર મહારાજા શ્રી વિરભદ્રસિંહજી તથા મહારાણી સાહેબા અને કુમાર શિવભદ્રસિંહજી રાજકુટુંબ વગેરે તળજા તીર્થ સુવર્ણ જયંતિ મહોત્સવમાં પધાર્યા હતા. ભાવનગરના મહારાજા તરીકે તા.૨૫-૧૧-૧૯૬૫ના રોજ તેમના રાજતિલક બાદ બકુભાઈ (રમણીકભાઈ) ભોગીલાલ શેઠના આમંત્રણથી તેમના અધ્યક્ષ સ્થાને તળાજા તીર્થનો રજત જયંતિ ઉત્સવ ઉજવાયો હતો. અને તેઓ તળાજા તીર્થની પ્રગતિ અને જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપનાથી ખૂબ જ ખુશ થતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન તાલધ્વજ જૈન તીર્થક્ષેત્ર–તળાજા દેશ-વિદેશના જૈન યાત્રિકો માટે શ્રદ્ધેય છે.

ખંભાતના અખાતના પશ્ચિમ છેડા પર ભાવનગરથી ૫૪ કિ.મી.ના અંતરે આવેલ ''તાલધ્વજ તીર્થ ક્ષેત્ર'' તળાજા નગરના તેમજ ગિરિમાળા પર આવેલ પ્રાચીન જિનાલયો દેશ–વિદેશના જૈન યાત્રિકો માટે શ્રદ્ધેય છે. સમુદ્રની સપાટીથી ૭૦૦ ફૂટ ઊંચે રહેલ 'તાલધ્વજ ગિરિ' ના શિખર પરના ધવલ જિનાલયો દૂરથી નિરખતા જ તેની પ્રાચીન ભવ્યતાની ઝાંખી કરાવે છે. લાખો વર્ષ પહેલા ધખધખતા જવાળામુખી વિસ્ફોટ દ્વારા સર્જાયેલ મનાતા કાળા પથ્થરના તળાજા ડુંગરનો શંકુ આકાર સમયાંતરે ગરમી, વરસાદ, હવા અને માનવીય કારણે ઘસાતા જતા તેનું સ્વરૂપ બદલાતું રહ્યું છે.

**તળાજા તીર્થની પ્રાચીનતા :** પાલીતાણા શત્રુંજય મહાતીર્થની પરિકમ્મામાં ૩૬ કિ.મી.ના અંતરે વિદ્યમાન તાલધ્વજતીર્થને પ્રાતઃસ્મરણીય પૂ.પાદ આચાર્યશ્રી ધનેશ્વરસૂરીશ્વરજી મ.સા.એ તેમના ''શત્રુંજય મહાત્મ્ય'' નામના ગ્રંથમાંથી શત્રુંજય મહાતીર્થની આઠમી ટૂંક ગણાવેલ છે. પ્રાચીન કાળે ભગવાન આદિનાથના પુત્ર ભરત મહારાજા તળાજાની યાત્રાએ પધાર્યા હતા. અને ડુંગર ઉપર એક વિહંગમ જિન પ્રાસાદ બનાવ્યું હતું. આ તીર્થની રક્ષા માટે તાલધ્વજ નામના યક્ષની સ્થાપના કરવામાં આવી હતી, જેના પરથી આ તીર્થનું નામ ''તાલધ્વજ જૈન તીર્થ'' રાખવામાં આવેલ છે.

બૌદ્ધ કાલીન સમયના પ્રખ્યાત ચિનાઈ પ્રવાસી ''હ્યુયેન સંગે'' તથા ઇ. સ. ૬૭૧-૬૯૫માં બીજા ચિનાઈ પ્રવાસી ''ઇત્સીંગે'' કરેલ પ્રવાસ વર્ણનમાં આ સ્થાનનું અવલોકન કરી તેની પ્રાચીનતા માટે નોંધી લીધી હતી. અનુભવી સોમપુરા સ્થપતિઓના જણાવ્યા મુજબ તળાજાની ટેકરી પર હાલ મૂળનાયક તરીકે ગણાતું સાચાદેવનું જિનાલય તેની કોતરણી પરથી તેને ૧૨માં સૈકામાં ગુર્જરેશ્વર પરમાહર્ત શ્રી કુમારપાળ મહારાજે બંધાવ્યાનું તેમજ ૧૩મી સદીમાં વસ્તુપાળ–તેજપાળે ''શ્રી ઋષભદેવ જિન પ્રાસાદ'' બંધાવ્યાનો ઉપરાંત સં. ૧૮૩૧માં પણ અહિં જિનમંદિર બંધાયાના પુરાવાઓ સાંપડેલ છે. ચૌદમાં સૈકામાં શ્રી વિનયપ્રભ મહારાજે ''તીર્થમાળા સ્તવન''ની રચના કરી તેમાં તળાજા તીર્થનો ઉલ્લેખ કરતાં અહિં પ્રાચીન બે મંદિરો હોવાનું તેઓશ્રીએ આ પ્રમાણે જણાવેલ છે કે **''તાલજ્જય પાસુ સંતીસરો દિણયરો.''**

**ભુગર્ભમાંથી પ્રતિમાજીઓની પ્રાપ્તિ :–**એક કાળે અતિ પ્રાચીન જણાતા તળાજાના જૈન તીર્થ ક્ષેત્રો પર મુગલશાહી કાળમાં યવનોએ જે મંદિરોની તોડફોડ કરી હતી તે સમયની કેટલીયે પ્રતિમાઓ જુદાજુદા સ્થળે ભોમા ભંડારાઈ હશે અને કાળક્રમે જુદા જુદા સમયે ખોદકામ દરમિયાન આસપાસના સ્થળોએથી સંપ્રતિ સમયની પ્રતિમાઓ ઓજસ્વી સ્વરૂપે તથા આરસ પથ્થરની મૂર્તિઓ, પરિકરો વગેરે પ્રાપ્ત થતા રહ્યા છે. ''પરિવર્તન એ કાળનો સ્વભાવ છે, તે મુજબ સમયાંતરે તળાજાના આ તીર્થમાં જીર્ણોદ્ધાર અને નૂતન જિનાલયો બનતાં રહ્યા છે.''

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તાલધ્વજ ગિરિ પરના જૈન મંદિરો :–**દેશ–વિદેશના જૈન યાત્રાળુ માટે 'શત્રુંજય ગિરિ તીર્થ (પાલીતાણા) જેટલું જ તાલધ્વજ તીર્થ શ્રદ્ધેય છે. ચોતરફ દૂરથી સપાટ પ્રદેશમાં 'ઝુલતા તોરણ સમા' ઉજ્જવળ જિનમંદિરોથી શોભી ઉઠતો તળાજા ડુંગરનો દેખાવ નૈસર્ગીક સૌંદર્યથી અદ્દભૂત જણાય છે. તળાજા નદીના તીર પાસે જ ચોતરફ ભવ્ય ગુફાઓથી શોભતા તાલધ્વજ ગિરિની વિવિધ ટુંક પરના આજના જૈન મંદિરો અનુપમ આસ્થા ધરાવે છે.

**ડુંગરની ટોચ પરની ચૌમુખજીની ટુંક :–** તાલધ્વજ ગિરિ શિખર પર દૂર દૂર સુધી ગગનમાં ધજા ફરકાવતું ચૌમુખજીનું જિનાલય અતિ પ્રાચીન હોવાનું મનાય છે. આ જિનાલયમાં ભરત મહારાજાએ પધરાવેલ શ્રી આદિશ્વર ભગવાનની પાદુકા તેની પ્રાચીન અવસ્થામાં હતી. આ સિવાય કોઈ પ્રતિમાજી ન હતા. આજથી લગભગ પોણા બસો વર્ષ પહેલાં સંવત ૧૮૭૭માં રાધનપુરના જૈન શ્રેષ્ઠિઓએ આ દેરાસરમાં શ્રી અભિનંદન, શ્રી અજિતનાથ, શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિમાઓ ચારેય દિશાએ ''ચૌમુખજી રૂપે'' પ્રતિષ્ઠિત કર્યા હતા.

ચૌમુખજી જિનાલયની બાજુમાં જુનો કીર્તિસ્તંભ આવેલો હતો. સંવત ૨૦૦૦ના વૈશાખ વદી ૧૦ના રોજ ભાવનગરના નેક નામદાર મહારાજા સાહેબશ્રી કૃષ્ણકુમારસિંહજી (K.C.S.I) શ્રી તળાજા તીર્થની યાત્રાએ પધારતાં તેમની યાદગીરીમાં જૈન સંઘ દ્વારા આ કીર્તિ સ્તંભનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ હતો.

ચૌમુખજીની ટુંક પરથી ચોતરફ નૈસર્ગીક સૃષ્ટિ ડુંગરની તળેટીમાં વસેલ તળાજા નગર તેમ જ ડુંગરની વચ્ચેની ટુંક પર શ્રી સુમતિનાથ દેરાસર તેની ફરતાં બાવન જિનાલયો તથા ચિંતામણી પાર્શ્વનાથના દેરાસરના ભવ્ય દર્શન તેમજ પશ્ચિમ દિશાએ શત્રુંજય ગિરિરાજ દૃષ્યમાન થાય છે.

**શ્રી સાચાદેવ સુમતિનાથ ભ.ની ટુંક :–** ચૌમુખજી જિનાલયની નીચે ઉતરતા ડુંગરની વચ્ચે ટુંક પર આવેલ શ્રી સુમતિનાથ ભગવાનનું દેરાસર બારમાં સૈકાનું અતિ પ્રાચીન જિનાલય મનાય છે. વસ્તુપાળ–તેજપાળ દ્વારા આ જિનાલય બંધાવ્યાનું કહેવાય છે. અને ૧૯મી સદીમાં તેનો જીર્ણોદ્ધાર થયેલ છે. આ સમયમાં ડુંગરની તળેટીમાં રહેતા એક કંડોળીયા બ્રાહ્મણના ઘરનો પાયો ગાળતા તેમાંથી મળી આવેલ સંપ્રતિ મહારાજના સમયની ૩૧ ઈંચની શ્રી સુમતિનાથ ભગવાનની ભવ્ય પ્રતિમાને સંવત ૧૮૭૨ના વૈશાખ સુદી ૧૩ના શુભ દિને વિધિપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા કરીને સ્થાપિત કરી અહિં આગળ દીપ પ્રગટાવ્યો હતો. જેની જ્યોત કેસર વર્ણી થાય છે.

મૂળનાયક સાચાદેવ ભગવાન સુમતિનાથના દેરાસર ફરતે આજથી ૫૫ વર્ષ પહેલાં બાવન જિનાલયો બંધાવી તેમાં વિવિધ શ્રદ્ધેય ભગવાનોની પ્રતિમાજીઓ પધરાવવામાં આવી છે. શ્રી સુમતિનાથજી દેરાસર સામે ભગવાન શ્રી મહાવીરસ્વામીનું જિનાલય છે. તેમજ પાછળ દક્ષિણ ભાગે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય છે. ડુંગર ઉપરની ચૌમુખજીની ટુંક પરથી શ્રી સુમતિનાથ દેરાસર તેની ફરતાં બાવન જિનાલયોનું વિહંગમ દૃશ્ય ભારે પ્રતિકર લાગે છે.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલીતાણા–સાંચોરી ભવન ખાતે પૂ. આ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.ના સમુદાયના

# ૧૪ જેટલા આચાર્યોનું ઇતિહાસ સર્જક ચાતુર્માસ

પાલીતાણામાં પ્રતિ વર્ષ અનેકાનેક ચાતુર્માસના આયોજનો થાય છે પરંતુ ચાલુ વર્ષે સાંચોરી જૈન ભવનના આગણે ચૌદ–ચૌદ આચાર્યોના ચાતુર્માસથી જે ઇતિહાસ લખાઈ રહ્યો છે, એ અનુપમ બની જાય એવો છે. સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર સુવિશાલ ગચ્છાધિપતિ આ. શ્રી મહોદયસૂરીશ્વરજી મ. સા. એ રામસેનનિવાસી સંઘવી ધર્મીબેન વીરચંદજી હુકમાજી પરિવાર પૂના તેમજ મોકલસર નિવાસી શ્રી સમરતમલ જીવાજી વિનાયકીયા પરિવાર પૂનાની પાલીતાણા ચાતુર્માસની વિનંતીનો સ્વીકાર કર્યો હતો. પરંતુ તેઓ ગત ચૈત્રમાસે કાળધર્મ પામતા એમના સમુદાયના ૧૪-૧૪ આચાર્યો ચાતુમાસાર્થે પધારતાં ભારતભરમાંથી અનેક સંઘોમાંથી ભાવિકોનો મહેરામણ આરાધના કરવા ઉમટી પડ્યો હતો.

તાજેતરમાં જ ઉજવાયેલ પર્યુષણ પર્વની આરાધના પ્રસંગે ૧૫૦૦ ઉપર આરાધકો પધારતા જાણે માનવ મહેરામણ ઉમટી પડયો. એક જ સમુદાયના ૧૦૦ ઉપરાંત સાધુ ભગવંતો, ૫૦૦ આસપાસ સાધ્વીજી ભગવંતો, ૫૦૦૦ હજાર ઉપરાંત આરાધકો, કલ્પસૂત્ર પ્રવચનોમાં જંગી હાજરી, નિત્ય અવનવા વરઘોડા આદિ વિશેષતાઓથી જે રીતે પર્વારાધના થઈ એના પડઘા સમગ્ર જૈન જગતમાં ગુંજી ઉઠ્યા. ૮ થી ૫૪ સુધીના ઉપવાસ કરનારાઓની સંખ્યા ૧૨૦૦ ઉપરાંત હતી. સિદ્ધિતપ, શ્રેણિતપ, શત્રુંજય તપ, નિગોદ નિવારણ તપ, મોક્ષ દંડક તપના તપસ્વીઓની સંખ્યા રેકર્ડરૂપ હતી. ચોસઠ પ્રહરી પૌષધમાં ૧૦૫૦ આરાધકો, ૧૫૦ ઉપરાંત ભાઈઓએ 'લોચ' તરીકે ઓળખાતા કાયકષ્ટને હસતા હસતા સહન કરેલ. કલ્પસૂત્રના ચડાવા, ચૌદ સ્વપ્નના ચઢાવાઓએ પણ નવો જ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. ઉલ્લેખનીય વિગત એ છે કે આયોજન સાથે જીવદયા અનુકંપા અને સાધર્મિક ભક્તિ અંગેની ટીપો પણ કલ્પનાતીત સ્વરૂપ થયેલ.

પર્યુષણા બાદ પણ એવા જ ઉમંગ સાથે ઇતિહાસ સર્જક આ ચાતુર્માસ આગળ વધી રહ્યું છે. સાધર્મિકવાત્સલ્યનું કર્તવ્ય આરાધવાનો લાભ મુંબઈ વાલકેશ્વર નિવાસી શ્રી નયનબાળાબેન બાબુલાલ જરીવાળા પરિવારે લઈ હજારો સાધર્મિકોની ત્રણે ટંકની ભોજન ભક્તિનો લાભ લઈને બૂફે પદ્ધતિથી થતાં જમણવારોના જમાનામાં બાજોઠ પર કાંસાના થાળી–વાટકામાં હજારો ભાવિકોની સારામાં સાર દ્રવ્યો અને પહેરામણી પૂર્વકની સાધર્મિક ભક્તિનો આદર્શ પૂરો પાડીને સૌને અનુમોદનાની તક પૂરી પાડી હતી. તેમજ જય–તળેટીએ સંપૂર્ણ સોનાના વરખની આંગી કરીને અદ્ભુત ગિરિભક્તિ દર્શાવેલ.


જૈન શાસનની પ્રભાવનાનો એક ઇતિહાસ ચૌદ–ચૌદ આચાર્યોના આ ચાતુર્માસથી નવેસરથી લખાઈ રહ્યો છે.

* * * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A L A N K A R



PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

ALANKAR FURNITURE

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR


*With Best Compliments From :*

JE

JACOB ELECTRONICS
PVT. LTD.

Mfrs. Audio cassettes, components and compect disc Jewel boxes.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsnl.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ જીવનની સાચી સૌરભ ❀

*–મિતેશભાઈ શાહ*

શ્રી મહાવીરસ્વામી, ગૌતમસ્વામી જેવા ગણધરને પણ કહેતા, 'समयं गोयम् मा पमाए!' અર્થાત્ સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ. દુર્લભ મનુષ્યભવમાં જેમણે પોતાને મળેલ અમૂલ્ય અવસરનો ઉત્તમ સદ્‌ઉપયોગ કરીને પોતાના જીવનને સદ્‌ગુણ સંપન્ન બનાવ્યું હોય, તેમણે પોતાના જીવનને સાચા અર્થમાં સફળ કર્યું કહેવાય.

પ્રકૃતિના દરેક તત્ત્વમાંથી કંઈક ને કંઈક બોધ પ્રાપ્ત થાય છે–જો તે ગ્રહણ કરવાની આપણી દૃષ્ટિ હોય તો! જેમ પુષ્પ ખીલીને પોતાની સૌરભ ચોમેર પ્રસરાવે છે, તેમ આપણે પણ સુસંસ્કારોની–માનવતાની મહેક દ્વારા જીવનને ધન્ય બનાવવું જોઈએ. ફૂલ કાંટા વચ્ચે પણ સદા ખીલેલું–પ્રસન્ન રહે છે, તેમ આપણે પણ જીવનમાં અનેક પ્રતિકૂળતાઓ આવવા છતાં સમભાવમાં રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. પુષ્પ સવારે ઉગે છે અને સાંજે કરમાઈ જાય છે–આટલા અલ્પ આયુષ્યમાં પણ તે પોતાનું અને અન્યનું જીવન મઘમઘતું બનાવે છે, તેમ આપણે પણ જીવનમાં સેવા, પરોપકારાદિ દ્વારા અન્ય જીવોને મદદરૂપ થવા સદા તત્પર રહેવું જોઈએ. પુષ્પ પોતાના સદ્‌ગુણોને કારણે પરમાત્માના શિરે ચઢવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે, તેમ આપણે પણ જીવનમાં યોગ્યતા કેળવી, જીવનના ઉચ્ચ આદર્શ ધ્યેયની પૂર્તિ માટે સર્વાંગ પ્રયત્ન કરી જીવનને સાચા અર્થમાં બડભાગી બનાવવું જોઈએ. જેમ પુષ્પમાં કોમળતાનો ગુણ રહેલો છે, તેમ આપણે પણ માયાચારનો ત્યાગ કરી સરળતાનો ગુણ કેળવવો જોઈએ. જેમ પુષ્પો પોતાના ગુણોનો ઢંઢેરો પીટતું નથી, તેમ આપણે આપણી જાતની બડાઈ ન હાંકવી જોઈએ–સ્વપ્રશંસા ન કરવી જોઈએ. પુષ્પનું જીવન આનંદી, ફરિયાદ વગરનું હોય છે. તેમ આપણે પણ તેવું જીવન જીવવા પ્રયત્ન કરવો જોઈએ. આમ, પુષ્પ આપણને ઘણી બધી બાબતોનો બોધ આપે છે. 'ગુણ ગ્રાહકતા'નો ગુણ આપણા જીવન વિકાસ માટે ખૂબ અગત્યનો છે.

"ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
તે સંતોના ચરણ કમળમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે."

આ નૂતન વર્ષમાં આપણે સૌ ગુણ ગ્રાહકતાનો મહાન ગુણ કેળવી જીવનને મહેકતું બનાવીએ. આપણા સૌનું જીવન પવિત્ર, સફળ, પ્યારું, ન્યારું, સુવાસિત, નીતિમય તથા ધર્મમય બને તેવી પરમાત્માને અંતઃકરણની પ્રાર્થના છે.

卐

For Private And Personal Use Only

ઓક્ટોબર : ૨૦૦૨ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 3

पश्यति प्राणिमात्रे यः सुमेधाः परमेश्वरम् ।
स एव वेत्ति तं सम्यक् साक्षात्कर्तुं क्षमेत च ।।

卐

જે સુજ્ઞ જન પ્રાણીમાત્રમાં ઈશ્વરને જુએ છે, તે જ ઈશ્વરને યથાર્થરૂપે સમજ્યો છે, અને તે જ ઈશ્વરનો પૂર્ણ સાક્ષાત્કાર કરવા સમર્થ બને છે. ૫૯.

卐

He alone who perceives God's existence in every being, has understood Him and will be able to realize Him absolutely. 59.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬,
ગાથા-૫૯, પૃષ્ઠ-૧૫૪)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only